BRAMPTON Service and Information Update

જૂન 2, 2023

# રીજીયન ઑફ પીલનું વિસર્જન (ડિઝોલ્યુશન) કરવા માટે સીટી ઑફ બ્રેમ્પટન જૂન 8 ટેલી ટાઉન હૉલનું આયોજન કરશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો – સીટી ઑફ બ્રેમ્પટન 2025 માં રીજીયન ઑફ પીલનું વિસર્જન કરવા ઓન્ટેરિયો ગવર્મેન્ટના નિર્ણયની ચર્ચા કરવા જૂન 8 નાં રોજ ટેલી ટાઉન હૉલમાં જોડાવા રહેવાસીઓ અને ધંધાઓને આમંત્રિત કરે છે.

કાઉન્સિલના સભ્યો અને સીટી કર્મચારીગણ બ્રેમ્પટનવાસીઓ પાસેથી વિસર્જન પ્રક્રિયા પર એ મંતવ્યો મેળવવા માંગે છે, જે પ્રોવિન્સ પ્રત્યે ભાવિ હિમાયત અંગે બ્રેમ્પટનની સ્થિતિ જણાવશે અને ટૂંક સમયમાં તેની ઘોષણા ટ્રાન્ઝિશ        ન બોર્ડમાં કરવામાં આવશે.

ગત મે 18, 2023 નાં રોજ, પ્રોવિન્સ ઑફ ઓન્ટેરિયોએ બિલ 112 - ધી હેઝેલ મૅકકૅલિયન એક્ટ રજૂ કર્યો જેનો હેતુ બ્રેમ્પટન, કેલેડોન અને મિસિસાગાને સિંગલ-ટિઅર મ્યુનિસિપાલિટીસ તરીકે રજૂ કરવાનો અને જાન્યુઆરી 1, 2025 સુધીમાં રીજીયન ઑફ પીલને ડિઝોલ્વ (વિસર્જન) કરવાનો છે.

સીટી ઝાંખી કરાવશે કે 1974 થી રીજીયન ઑફ પીલ મારફતે, બ્રેમ્પટનવાસીઓએ કેવી રીતે મિસિસાગાના વિકાસને ટેકો આપ્યો છે, અને વિસર્જન પ્રક્રિયા મારફતે સીટી દ્વારા અપેક્ષિત કિમતો અને ખર્ચાઓની રૂપરેખા જણાવવામાં આવશે.

ટેલી ટાઉન હૉલમાં ઉપસ્થિત થનારા લોકોને મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown) હોસ્ટ કરશે, અને તેમની સાથે આ વ્યક્તિઓ જોડાશે:

- માઈકલ પાલેશી (Michael Palleschi), પ્રમુખ, આયોજન અને વિકાસ; પ્રાદેશિક કાઉન્સિલર, વોર્ડ્સ 2 અને 6
- મારલૉન કાલિડીન (Marlon Kallideen), મુખ્ય વહીવટી અધિકારી (ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઑફિસર), સીટી ઑફ બ્રેમ્પટન
- સ્ટીવ ગણેશ (Steve Ganesh), કમિશ્નર, પ્લાનિંગ બિલ્ડિંગ ઍન્ડ ગ્રોથ મેનેજમેન્ટ, સીટી ઑફ બ્રેમ્પટન
- નેશ ડેમિયર (Nash Damer), ટ્રેઝરર, સીટી ઑફ બ્રેમ્પટન

**તારીખ યાદ રાખશો -** સીટી ઑફ બ્રેમ્પટન ટેલી ટાઉન હૉલ ઑન ડિઝોલ્યુશન ઑફ ધી રીજીયન ઑફ પીલ
ગુરુવાર, જૂન 8
રાત્રે 8-9:30

ફોનથી સહભાગી થાવ

સહભાગિતાની મંજૂરી જણાવવા તમારો ફોન નંબર નોંધાવો અને જૂન 8 નાં રોજ સાંજે લેટ્સ કનેક્ટ બ્રેમ્પટન પર કૉલ મેળવો.

ઓનલાઈન જોડાવા માટે
રહેવાસીઓ તે દિવસે રાત્રે ઓનલાઈન પણ સાંભળી શકે છે.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca